ટ્રાફિક સંબંધિત ઈ-ચલણ જનરેટ થયાના

# ૭૫ દિવસમાં દંડ નહીં ભરાય તો વાહનની લાયસન્સ-રજીસ્ટ્રેશન સંબંધિત સેવાઓ બંધ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં ગત તા. ૧૨થી ન્યૂ નેક્સ્ટ જનરેશન ચલણ સિસ્ટમનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. સુધારેલી વ્યવસ્થા હેઠળ ટ્રાફિક નિયમોના ભંગ બદલ ચલણ ઈસ્યુ કરવાની, તેની ચૂકવણી કરવાની તેમજ ચલણ સામે વાંધો રજૂ કરવાની પ્રક્રિયા વધુ સ્પષ્ટ બનાવવામાં આવી છે.

સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના એસપી વી. સાહિત્યાએ નવી સિસ્ટમ અને નાગરિકો માટે શરૂ કરાયેલી ફરિયાદ નિવારણ વ્યવસ્થા અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ટ્રાફિક સંબંધિત ઈ-ચલણ જનરેટ થયાની તારીખથી વાહનમાલિક પાસે ૪૫ દિવસનો સમય રહેશે. જો ચલણ સામે કોઈ વાંધો હોય તો વાહનચાલક પરિવહન પોર્ટલ પર જઈને ઓનલાઈન ફરિયાદ કરી શકશે અથવા ૪૫ દિવસમાં દંડ ભરી શકશે.

વાહનચાલકો ચલણ સામે વાંધો રજૂ કરવા માટે પરિવહન પોર્ટલની મુલાકાત લઈ શકે છે. પોર્ટલ પર જઈને વાહનમાલિકે પોતાનો ચાલુ મોબાઈલ નંબર અપડેટ કરવાનો રહેશે.

વાહનમાલિકની ફરિયાદ મળ્યા બાદ પોલીસ વિભાગ દ્વારા પુરાવાઓની ચકાસણી કરીને ૩૦ દિવસની અંદર તેનો નિકાલ કરી દેવામાં આવશે. ચલણ જનરેટ થયાથી લઈને ફરિયાદના નિકાલ સુધીની સમગ્ર પ્રક્રિયા મહત્તમ ૭૫ દિવસમાં પૂર્ણ થશે. જો ચલણ યોગ્ય ઠરશે તો વાહનચાલકે દંડ ભરવો પડશે. ૭૫ દિવસની મુદત પૂરી થયા બાદ પણ જો દંડ ભરવામાં નહીં આવે, તો પરિવહન પોર્ટલ પર તે વાહનને લગતી લાઈસન્સિંગ અને રજીસ્ટ્રેશન સંબંધિત તમામ સેવાઓ સ્થગિત કરી દેવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત પોલીસ દ્વારા ફરિયાદના નિકાલ બાદ પણ જો વાહનમાલિક અસંતુષ્ટ હોય અને કોર્ટમાં કેસ કરવા માંગતા હોય, તો ચલણની રકમના ૫૦ ટકા નાણાં ભર્યા બાદ કોર્ટમાં અપીલ કરી શકાશે.

વાહનચાલકોની ફરિયાદોની તટસ્થ અને ઝડપી તપાસ થાય તે માટે દરેક જિલ્લામાં અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવી છે જેમાં જિલ્લા કક્ષાએ DySP કક્ષાના અધિકારી સમગ્ર પ્રક્રિયાનું સુપરવિઝન કરશે. તેમની દેખરેખ હેઠળ PI કક્ષાના અધિકારી વાહનચાલકના પુરાવાઓની તપાસ કરી ૩૦ દિવસમાં ફરિયાદનો આખરી નિર્ણય કરશે.

### નેક્સ્ટ જનરેશન ચલણ:ચલણ સામે વાંધો રજૂ કરવા વાહન ચાલકો ઓનલાઈન ફરિયાદ કરી શકશે



તા.૧૫મી ઓગસ્ટ (સ્વાતંત્ર્ય દિન) સંદર્ભે શહેરના દાણાપીઠ ખાતેની અંજૂમન ઈસ્લામિક સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા વિશાળકાય તિરંગો લહેરાવી ઉજવણી કરવામાં આવી હતી.

# મહિલાઓને સોશિયલ મીડિયા પર હેરાનગતિ કરનારા ૮ ઝડપાયા

### ફેક આઈડી બનાવી અશ્લીલ વીડિયો-ઓડિયો અને વાંધાજનક મેસેજ મોકલતા હતા

અમદાવાદ,તા.૧૪

શહેર સાયબરક્રાઈમની ટીમે 'મિશન સાયબર રક્ષિકા અભિયાન' અંતર્ગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર મહિલાઓને નિશાન બનાવી ફેક પ્રોફાઈલ દ્વારા બિભત્સ ઓડિયો, વિડીયો તેમજ લખાણ મોકલી હેરાનગતિ કરનાર મહિલા સહિત ૮ને ગુજરાત-રાજસ્થાનમાંથી ઝડપી પાડ્યા હતા. જાણવા મળતી માહિતી મુજબ જુદા જુદા સોશિયમ મીડિયા પ્લેટફોર્મ ઉપર મહિલાઓને ફેક પ્રોફાઈલ દ્વારા ઓનલાઈન હેરાનગતિ કરવાની ફરિયાદ સાયબર ક્રાઈમને મળી હતી. તેથી ડીસીપી લવિના સિન્હાની સૂચના અને એસીપી હાર્દિક માંકડિયાના માર્ગદર્શન હેઠળની ટીમે સાયબર ક્રાઈમના મહિલા અધિકારીઓ દ્વારા કાઉન્સેલીંગ કરી ભોગ બનનારી મહિલાઓની ઓળખ



ગુપ્ત રહે તે રીતે તાત્કાલિક ૧૧ જેટલી ફરિયાદ દાખલ કરાઈ હતી.

ત્યારબાદ સાયબર ક્રાઈમની ટીમોએ તપાસ કરી માહિતીનું ટેકનિકલ એનાલીસીસ કરી અમદાવાદ, રાજ્યના અલગ-અલગ જિલ્લાઓ તથા રાજસ્થાન ખાતે જઈ મહિલા સહિત ૮ને પકડી વાંધાજનક પોસ્ટો તથા એકાઉન્ટોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપરથી દૂર કરવાની કાર્યવાહી કરાઈ હતી.

પકડાયેલા પૈકીના સુરેશ પુરી અને કેયુર લક્કડ સોશિયલ મીડિયા પર પોતાની પ્રોફાઈલ જાહેરમાં રાખતી મહિલાઓને નિશાન બનાવતા હતા.

સુરેશ પુરીએ ૬ મહિનામાં ૧૦ અલગ અલગ ફેક આઈડી બનાવીને આશરે ૩૦૦ મહિલાઓને મેસેજ કર્યા હતા. તે મહિલાઓને પોતાના ન્યુડ ફોટા, વીડયો, અશ્લીલ ઓડિયો તથા વાંધાજનક મેસેજ મોકલતો હતો. જ્યારે કેયુર લક્કડે મહિલાઓના નામે ૮ અલગ અલગ ફેક આઈડી મારફતે જાહેર પ્રોફાઈલ ધરાવતી મહિલાઓની મહિલા મિત્રોનો સંપર્ક કરતો હતો.

### મહિલાની પણ અટકાયત

સ્વતંત્રતા દિવસ-૨૦૨૬

# ૧૯ પોલીસ કર્મીઓને પોલીસ મેડલ



### અમિતકુમાર વિશ્વકર્મા અને બહાદુરસિંહ ચુડાસમાને વિશિષ્ટ સેવા અંગેના પોલીસ મેડલ

અમદાવાદ,તા.૧૪

સ્વતંત્રતા દિવસ-૨૦૨૬ના રોજ રાજ્યના ૧૯ પોલીસ અધિકારીઓ-કર્મીઓને પોલીસ મેડલ જાહેર કરાયા હતા. જેમાં વિશિષ્ટ સેવા અંગેનો પોલીસ મેડલ આઈપીએસ અમિતકુમાર વિશ્વકર્મા (એટીએસ અને કોસ્ટલ સિક્યુરીટી) તેમજ ગાંધીનગરના હથિયારી નાયબ પોલીસ અધિક્ષક બહાદુરસિંહ ચુડાસમાને મળેલ છે.

જ્યારે પ્રશંસનીય સેવા અંગેના પોલીસ મેડલ આઈપીએસ સૌરભ તોલમ્બિયા, એટીએસના વાયરલેસના નાયબ પોલીસ અધિક્ષક, પૂર્વ કચ્છ ગાંધીધામના હથિયારી પીઆઈ બીઆર કોલી, અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીના પીએસઆઈ સંદિપ પટેલને, સુરેન્દ્રનગરના પો.વા.સ.ઈ. અનિલ નાયરને, પૂર્વ કચ્છ ગાંધીધામના વા.પો.સ.ઈ. જયરાજસિંહને એસએમસીના પો.વા.સ.ઈ. ઉત્તમસિંહ ઝાલાને, બનાસકાંઠાના એએસઆઈ બળવંતસિંહ સોલંકીને, જામનગરના એએસઆઈ નાનજી અઘેરાને અપાયો છે.

તેમજ રાજ્ય અ.પો. દળ જૂથ-૩ના સબ્બીરખાન ઠેબને, આઈબીના આઈઓ ભરતસિંહ વાઘેલાને, એઆઈઓ દિલીપસિંહ રાણાને, કલ્પેશકુમાર દેસાઈને અમદાવાદના હથિયારી હે.કો. અજય ઓઝાને, બિન હથિયારી હે.કો. તરૂણસિંહ સોલંકીને અને હથિયારી પો.કો. રાજેષકુમાર મીરને આપવાની જાહેરાત કરાઈ હતી.

# વિકાસ અને અર્થતંત્રની પ્રગતિમાં ટેકનોલોજી મુખ્ય પરિબળ બની છે

### જન-જનમાં વડાપ્રધાનના નેતૃત્વ અને પ્રેરણાથી દેશ માટે જીવી જાણવાનો અને રાષ્ટ્રહિત પ્રથમનો મંત્ર ગુંજે છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્યના નાગરિકોને પાઠવેલા શુભેચ્છા સંદેશમાં રાષ્ટ્ર હિત પ્રથમનો ભાવ હરહંમેશ હૈયે રાખીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનું આહ્વાન કર્યું છે.

મુખ્યમંત્રીએ પાઠવેલા પ્રજાજોગ સંદેશમાં જણાવ્યું છે કે, ૨૦૪૭માં આઝાદીની શતાબ્દી ઉજવાય તે પહેલાં ગુજરાત પાસે તો ૨૦૩૫માં રાજ્યની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણીની અમૃત તક આવવાની છે.

તેમણે આ અમૃત પર્વને દેશના વિકાસના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલી રહેલા અમૃતકાળ સાથે વિકસિત ભારતનો સુવર્ણકાળ બનાવવા સૌ ગુજરાતીઓને પ્રેરણા આપી છે.

મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકોને પાઠવેલા પ્રજાજોગ સંદેશમાં જણાવ્યું હતું કે, આઝાદીના આઠ દાયકા આ વર્ષે ગૌરવભેર પૂરા કરીને શતાબ્દી વર્ષ તરફ આપણે આગળ વધી રહ્યાં છીએ. દેશને આવી મહામૂલી સ્વતંત્રતા અપાવનારા આઝાદીના લડવૈયાઓ, દેશ માટે વીરગતિ વ્હોરનારા નામી-અનામી અનેક સ્વાતંત્ર્ય વીરોને વંદન કરૂં છું. એમણે આપેલી એ વિરાસતના સન્માન અને દેશના સ્વાભિમાન સાથે દુનિયાના દેશો સમક્ષ એક વિશિષ્ટ છબી



### ૮૦મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રીનો પ્રજાજોગ સંદેશ

ભારતે મૂકી છે.

આઝાદી માટે ખપી જનારા વીરોનો મંત્ર હતો દેશ માટે મરી ફિટવાનો, રાષ્ટ્રકાજે સમર્પિત રહેવાનો. આજે જન-જનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને પ્રેરણાથી દેશ માટે જીવી જાણવાનો અને રાષ્ટ્રહિત પ્રથમનો મંત્ર ગુંજે છે.

અન્નદાતા-ખેડૂતના હિતોને પણ અગ્રતા આપી છે. ટેકાના ભાવે ખરીદી, કિસાન સન્માન નિધિ, દિવસે વીજળી અને સિંચાઈ માટે પૂરતું પાણી એમ બીજથી બજાર સુધી દરેક કદમ પર સરકાર અન્નદાતાની પડખે છે. એટલું જ નહિ, કુદરતી આફતો સામે ઉદાર સહાય પેકેજ આપીને સરકાર ખેડૂતોની હામી બની છે.

સમાજનો ૫૦ ટકા હિસ્સો ધરાવતી નારી શક્તિના સ્વાવલંબન માટે પણ સરકારે નક્કર આયોજનો કર્યા છે. રોજગારીના સર્જનમાં નારીશક્તિની ભાગીદારી ૪૨ ટકા છે, તે ૨૦૪૭ સુધીમાં ૭૫ ટકા સુધી લઈ જવાની નેમ છે.

આવનારા સમયમાં વિકાસ અને અર્થતંત્રની પ્રગતિમાં ટેકનોલોજી મુખ્ય પરિબળ બનવાની છે એ વાત નિશ્ચિત છે. ટેકનોલોજીના અને ઈમર્જીંગ સેક્ટર્સમાં ગુજરાત મહત્વના પ્લેયર તરીકે ઉભરી આવ્યું છે.

ફરી એકવાર, આપ સૌને સ્વતંત્રતા દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ભારત માતાકી જય...વંદે માતરમ...જય જય ગરવી ગુજરાત...

અમદાવાદની સોલા GMERS હોસ્પિટલ ખાતે

# 'સ્થાયી તબીબી મંડળી' ની રચના કરાશે

ગાંધીનગર,તા.૧૪

અમદાવાદ સ્થિત સોલા GMERS હોસ્પિટલ ખાતે નવા 'સ્થાયી તબીબી મંડળ'ની રચના કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ કર્યો છે. રાજ્યના વિદ્યાસહાયકો, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વર્ગ-૩ના શિક્ષકો તેમજ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની રજૂઆતને હકારાત્મક વાચા આપતો સંવેદનશીલ નિર્ણય કરવામાં આવ્યો છે.

નવા 'સ્થાયી તબીબી મંડળ'ની રચના થવાથી કર્મચારીઓની આરોગ્ય વિષયક તપાસ અને મેડિકલ અભિપ્રાય મેળવવાની સમગ્ર પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનશે. આ સુવિધાના પરિણામે કર્મચારીઓને સમયસર તબીબી રિપોર્ટ મળી રહેશે, જેનાથી બદલી સંબંધિત તેમની રજૂઆતો અને અરજીઓનો નિકાલ પણ ઝડપથી શક્ય બનશે.

ઉલ્લેખનીય છે કે, શિક્ષકો તેમજ GSRTCના કર્મચારીઓએ આરોગ્ય વિષયક કારણોસર આંતર-જિલ્લા બદલી મેળવવા માટે સૌથી જરૂરી તબીબી પ્રમાણપત્ર લેવાની પ્રક્રિયા સરળ બનાવવા અંગે આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાને રજૂઆત કરી હતી. તેમની આ રજૂઆતને હકારાત્મક અભિગમ દાખવીને કર્મયોગીઓની સરળતા માટે આ નવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### આરોગ્ય મંત્રીનો કર્મચારી હિતલક્ષી નિર્ણય

સોલાના મા ઉમિયાધામ કેમ્પસની ઘટના

# બોયઝ હોસ્ટેલ પરથી પડતું મુકી સગીરે કર્યો આપઘાત

અમદાવાદ,તા.૧૪

શહેરના એસજી હાઈવે ઉપરના સોલાના મા ઉમિયાધામ કેમ્પસની હોસ્ટેલના ૧૧ અને ૧૨મા માળના ફોયરમાંથી ૧૬ વર્ષના સગીરે નીચે પડતુ મુકી મોતને વ્હાલુ કર્યું હતું.

જાણવા મળતી માહિતી મુજબ શહેરના એસજી હાઈવે ઉપરના સોલાના મા ઉમિયાધામ કેમ્પસના બોયઝ હોસ્ટેલમાં રહેતા ૧૬ વર્ષના સગીરે બપોરના સુમારે 'સી' વિંગના ૧૧-૧૨મા માળની વચ્ચે આવેલા ખુલ્લા ફોયરમાંથી નીચે પડતું મુકી આપઘાત કરતા સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ મૃતક તુષાર દેત્રોજ તાલુકાના ગીતાપુર ગામનો વતની હતો તેમજ આરસી ટેકનિકલ કોલેજમાં મીકેનીકલ એન્જીનિયરીંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો.

એક મહિનાથી તે હોસ્ટેલમાં રહેવા આવ્યો હતો તેમજ બનાવના એક દિવસ અગાઉ જ તે વતનથી પરત આવ્યો હતો. તેના આપઘાતના કારણ બાબતે હજુ કશુ જાણવા મળ્યું નથી.


**ZENITH HEALTHCARE LIMITED**

CIN No. : L2431GJ1994PLC023574

Registered Office : 504, Iscon Elegance, Nr. Ananddham Jain Derasar, Prahladnagar Cross Road, S.G. Road, Ahmedabad - 380015

Tele. No. : 079 - 66168889 / 90, 40095550 Fax No. : 079 - 66168891

E-mail : mahendrazenith@hotmail.com Website : www.zenithhealthcare.com

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30th JUNE, 2026.** (Rs. in Lakhs)

| Sr. No | Particulars | Quarter ended on 30-06-2026 (Unaudited) | Quarter ended on 31-03-2026 (Audited) | Quarter ended on 30-06-2025 (Unaudited) | Year ended on 31-03-2026 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 350.12 | 271.83 | 331.69 | 1093.65 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and /or Extraordinary items) | 18.12 | (42.33) | (2.61) | 1.60 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 18.12 | (42.33) | (2.61) | 1.60 |
| 4 | Net Profit /(loss) for the period after tax (after Exceptional and/ or Extraordinary items) | 13.62 | (34.20) | (1.88) | 0.51 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising Profit/(loss) for the period (after tax) and other comprehensive Income (after tax) | 13.62 | (32.91) | (1.88) | 1.80 |
| 6 | Paid-up Equity Share Capital | 537.39 Re.1/- | 537.39 Re.1/- | 537.39 Re.1/- | 537.39 Re.1/- |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | — | — | — | 205.03 |
| 8 | Earnings per Share (of Rs.10/- each) (for continuing and discontinued operations) (a) Basic | 0.025 | (0.061) | (0.003) | 0.003 |
| | (b) Diluted | 0.025 | (0.061) | (0.003) | 0.003 |

Notes : (1) The above is an extract of the detailed format of First quarter and Three Months ended Unaudited Financial Results filed with the stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Full format of the Unaudited Financial Results is available on the stock Exchange website - www.bseindia.com & on company's website - www.zenithhealthcare.com. (2) The above financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 14/08/2026.

Place : Ahmedabad
Date : 14/08/2026

For, Zenith Healthcare Limited
sd/- Mahendra C. Raycha
Chairman & Managing Director
DIN No. : 00577647



**RAGHUVIR SYNTHETICS LIMITED**

Regd. Office : RAKHIAL ROAD, RAKHIAL, AHMEDABAD-380023, GUJARAT, INDIA. Tel.: 079-22910963-1015-1902

CIN : L17119GJ1982PLC005424 E-mail: info@raghuvir.com

**UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2026**

Pursuant to Regulation 33 of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, and based on the recommendations of the Audit Committee, the Board of Directors of Raghuvir Synthetics Limited ('the Company') at its meeting held on 13th August, 2026 has approved the Unaudited Financial Results for the quarter ended on 30th June, 2026 along with Limited Review Report issued by the Statutory Auditors of the Company.

The aforementioned Financial Results along with Limited Review Report of the Statutory Auditors thereon are available on www.raghuvir.com and the said Financial Result scan also be accessed by scanning a Quick Response (QR) code given below :

Place : Ahmedabad
Date : 13th August, 2026

For, Raghuvir Synthetics Limited
Sunil Raghubirprasad Agarwal
Chairman & Managing Director
DIN : 00265303



**YASH CHEMEX LIMITED**

CIN - L74110GJ2006PLC048385

REGI. OFFICE: 411, SIGMA ICON-1, 132FT RING ROAD, OPP MEDILINK HOSPITAL, SATELLITE, AHMEDABAD, GUJARAT, INDIA, 380015. TELE: 079-40028639/26730257/26730258,

EMAIL: YASHCHEM@HOTMAIL.COM • WEBSITE: WWW.YASHCHEMEX.COM

**EXTRACTS OF UNAUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS OF THE COMPANY FOR THE QUARTER ENDED 30TH JUNE 2026.**

The Full format of the Unaudited Standalone and Consolidated Financial Results of the Company for the Quarter ended 30th June 2026 are available on the Stock Exchange Website (www.bseindia.com) and on the Company's website (www.yashchemex.com). The same can be accessed by scanning the QR Code provided below.

Place: Ahmedabad
Date : 14.08.2026

On behalf of Board of Directors
For Yash Chemex Limited
Pritesh Y Shah
Chairman & Managing Director
DIN:00239665